સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

જગતના જુરાસિક પાર્કમાં તું મગતરું છે!
ડાયનાસોરની દાઢમાં નાનું તું મગતરું છે!
કંઈ નથી કિંમત બજારમાં - તું મગતરું છે!
ફૂંકાઈશ એક જ ફૂંકે, ફોકૂં - તું મગતરું છે!
(સત્તા પદનું ગુમાન)

હાઈકુ

ચગે દંભથી!
ઉડે આકાશે ફૂગ્ગો -
હવા ભરેલો !

ફેંકાઈ જશો!
કાળની એક ફૂંકે -
ચાલો ડરીને !!

ચિંતન

ધારા નૈવ પતન્તિ ચાતકમુખે, મેઘસ્ય કિં દૂષણં ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

ચાતકના મુખમાં વરસાદનાં ટીપાં ઝીલાય નહીં એમાં વાદળનો દોષ??

ભગવાનની કૃપા આ અનંત સંસાર પર અહર્નિશ - એક સરખી જ વરસે છે. જેણે પરિશ્રમ પૂર્વક પોતાનું ક્ષેત્ર (ખેતર) ખેડી - યોગ્ય રીતે વાવણી કરી હશે. એને પોતાના એક-એક બીજના હજાર ગણા દાણા જરૂર મળવાના જ છે. પણ જે ખેડૂત આજ કરશું, આવતીકાલે પછી નિરાંતે ખેતર ખેડશું, હજુ ઘણો સમય છે. શી ઊતવળ છે. એમ મનમાં બહાનાં કારણ ઊભા કરી પોતાની આલસી પ્રકૃતિને પોષણ આપ્યું હોય એવા ખેતરો પર પ્રભુની કૃપા વરસવા છતાં એવા ખેડૂતને કૃપાના કોઈ પળ મળતાં નથી.

ઈશ્વર પોતાની અનંતકૃપા સતત વરસાવે છે. જેમનાં પાત્ર ચત્તા-સીધાં છે તે તો કૃપા ઝીલે છે. સીધા એટલે સદ્‌ગુણી - સાત્ત્વિક. પણ જે દુર્જન છે, અપાત્ર છે, જેમનાં પાત્ર ઊંધા છે તેમનામાં કૃપાનો છાંટોય પડતો નથી, એમાં ઈશ્વરનો શું દોષ?

સુવિચાર

- બીજાને રોટલી ખવડાવતાં ખવડાવતાં જે ભૂખ્યો રહી જાય,
  તેના ઘરે કુબેર ખુદ ભીખ માગવા આવે છે - **મોરારિ બાપુ**
- આળસુ માણસ એટલે કાંટા વગરની ઘડિયાળ,
  જે ચાલુ હોય કે બંધ, બંને સ્થિતિમાં નિરુપયોગી છે - **વિલિયમ કૂપર**
- મન ઈન્દ્રિયને સ્થિર કરી, જપવું હરિનું નામ,
  ધ્યાન ધરવું શ્રી હરિનું, પ્રીતે આઠો જામ - **લાભુભાઈ પંડ્યા**
- હું તમને શીખવાડવા નહીં, જગાડવા આવ્યો છું - **રજનીશ**
- જેણે બહુ ભૂલ કરી હોય તે જ બીજાને બહુ ગભરાવતો હોય છે - **માનસ બોધ**
- એક કામઢો માણસ અનેકને આળસુ બનાવી દેતો હોય છે - **ચીની કહેવત**
- આજનું ઔષધ : એલોવીરા જેલ બે ચમચી સાથે દસ લવીંગનો પાઉડર મિક્સ કરી ચહેરા પર લગાડવું. અડધો કલાક પછી સાદા પાણીથી ધોઈ નાખવું. આ પ્રક્રિયા અઠવાડિયામાં ચાર વખત કરવાથી ખીલ, બ્લેક હેડ્સની સમસ્યામાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

હસન બસરી સંત પુરુષ અને ઈલ્મના જાણકાર હતા. એકવાર એક સંત રાબિયાને મળવા ગયા. એમને રાબિયાની પરીક્ષા કરવાનું મન થયું. એમણે વહેતી નદી પર ચટાઈ પાથરીને કહ્યું, 'આવો રાબિયા આપણે આ ચટાઈ પર બેસી નમાઝ પઢીએ' રાબિયા સમજી ગઈ. હસનનું અભિમાન દૂર કરવા તેણે પોતાની ચટાઈ હવામાં ઉછાળી અને કહ્યું, 'આવો હસન, આપણે આકાશમાં ઊંચે ઊડતી ચટાઈ પર નમાજ પડીએ કારણ કે તેને કોઈ જોઈ શકે તેમ નથી.'

હસનનો ગર્વ ઓગળી ગયો. તેમનું મોઢું પડી ગયું. ત્યારે રાબિયાએ કહ્યું, 'જુઓ હસન! તમે જે કર્યું એ તો એક માછળી પણ કરી શકે છે. અને મેં જે કર્યું તે એક માખી પણ કરી શકે છે. મૂળ વાત તો આ બંનેથી ક્યાંકે ઊંચી છે.'

કશી સિદ્ધિના દાવા કે પ્રસિદ્ધિના મોહ વિના સાચા દિલથી કરેલી પ્રાર્થના, સાતે સ્વર્ગ વીંધીને સીધી જ ઈશ્વરના દરબારમાં પહોંચી જાય છે.

'સચ્ચી પુકાર હૈ... તો બેડા પાર હૈ...'

છોકરીની લગ્નવય અંગે મોદી ચિંતાગ્રસ્ત છે

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માત્ર રાષ્ટ્રીય અર્થનીતિ કે વિદેશ નીતિ અને સંરક્ષણ જેવા મુદ્દાઓમાં પોતાની જાતને સીમિત કરી દેવા નથી માગતા. પોતે ભારતીય નાગરિકોની ઝીણામાં ઝીણી નિજી બાબતોમાં પણ રસ લેતા હોવાનું વારંવાર પ્રસ્થાપિત કરતા રહે છે. બંધારણમાં જે ધાર્મિક સ્વતંત્રતા અપાઈ હતી એ મુજબ મુસલમાનો માટે 'તીન તલાક' સામે વાજપેયી સહિતના એમના કોઈ પણ પૂર્વસૂરિએ વાંધો નહોતો ઉઠાવ્યો. મુસ્લિમ મહિલાઓ આ મુદ્દે એમની હંમેશને માટે ઓશિંગણ રહેશે. એથી પણ આગળ વધીને ૨૦૨૪ની ચૂંટણી પૂર્વે કદાચ તેઓ દેશમાં 'કૉમન સિવિલ કોડ' લાવીને ધર્મનિરપેક્ષ સમાન લગ્નધારો લાવશે એવી ધારણા અસ્થાને નથી. પરંતુ હમણાં એમને કોરોના સંક્રમણ અને ખાડે ગયેલી અર્થવ્યવસ્થા પરત્વે આંખ આડા કાન કરી એક વધુ રોચક મુદ્દા પર ધ્યાન પરોવ્યું છે. દીકરીઓની લગ્નવય અંગે એ બહુ જ ચિંતિત લાગે છે. આપણા કાયદા મુજબ ૨૧ વર્ષનો છોકરો લગ્ન માટે લાયકાત ધરાવતો થઈ જાય છે. છોકરી ૧૮ વર્ષે જ લગ્નલાયક ગણાય છે. આ તફાવત પરત્વે અદાલતે પણ સરકારનું ધ્યાન દોર્યું છે. મોદી જેનું નામ. એમણે જયા જેટલી જેવાં વરિષ્ઠ મહિલા અગ્રણી (ઓળખ્યાં ? પેલા ફર્નાન્ડિસ સાથે લિવ-ઈન-રિલેશનમાં રહેતા હતા એ !) ના વડપણ હેઠળ એક 'ટાસ્ક ફોર્સ' રચી દઈ દીકરીની લગ્નવય અંગે નવેસરથી નિર્ણય કરવાનું જાહેર કર્યું છે. ભારતીય જનમાનસ મુજબ તો રજસ્વલા દીકરીનું મોં જોવું એ પાપ ગણાતું હતું. એથી એ દસબાર વર્ષથી થાય ત્યારે એને પરણાવી દેવામાં આવતી. એક કારણ એ પણ હતું કે નાની વયે જ પરણાવી દેવાથી બાલિકા 'પ્રતિવ્રતા ધર્મ' પાતળી થઈ જાય, કોઈની સાથે 'પ્રેમમાં પડવાની' ભૂલ ન કરી બેસે. પરંતુ આવી બાલિકાવધૂઓની જિંદગી તો પીંજરે પુરાયેલા પક્ષી જેવી બની રહેતી. કન્યા શિક્ષણનો યુગ શરૂ થયો અને દીકરીઓ ઘરકૂકડી બનીને રહેવામાં હીણપત અનુભવવા લાગી. આઝાદીની ચળવળમાં ભણેલી યુવતીઓ પણ કૂદી પડેલી. આઝાદી પછી જે બંધારણ ઘડાયું એમાં સ્ત્રી-પુરુષને સમાન અધિકાર જરૂર અપાયા પરંતુ છોકરીનો શારીરિક વિકાસ કુદરતી રીતે જ છોકરા કરતાં વહેલો અને ઝડપી હોવાથી એની મિનિમમ લગ્નવય ૧૮ વર્ષ રખાઈ હતી. જો એને છોકરાઓને કશો ફરક નહીં પડે, કારણ કે હવે તો ભણતરમાં જ ૨૧-૨૨ વર્ષ ખર્ચાઈ જતાં હોય છે અને પગભર થતાં બીજાં પાંચેક વર્ષ નીકળી જાય છે. જોકે વૈજ્ઞાનિક દૃષ્ટિએ માતૃત્વ ધારણ કરવાની શ્રેષ્ઠ વય ૨૩ વર્ષ ગણાઈ છે. હવે બાળમરણ તથા પ્રસૂતિમરણ ઘટાડવા માટે તજજ્ઞોના અભિપ્રાય મુજબ છોકરા-છોકરીની લગ્નવય સમાન કરી દેવાશે તો એથી ઝાઝો ફરક નથી પડવાનો. મોદી લગ્નવય અંગે ધર્મનિરપેક્ષ કાયદો લાગુ કરવા કૃતસંકલ્પ છે. એથી જ હાલ તો કાયદો લઘુમતી મુસ્લિમ સમાજની છોકરીઓને લાગુ નથી પડતો તેને બદલે નવો કાનૂની સર્વગ્રાહી બની રહેશે. વળી 'બળાત્કાર'ની વ્યાખ્યામાં ૧૮ વર્ષથી ઓછી વયની પત્ની સાથે પતિ દ્વારા કરાયેલ સમાગમ નહોતો આવતો એમાં પણ કડક નિયંત્રણ આવી શકશે, અલબત્ત, આવી બાબતો રાષ્ટ્રહિત અને જનહિતમાં જરૂરી રહે પરંતુ કોરોના કેર વચ્ચે ખાડે ગયેલી આર્થિક સ્થિતિને પાટા પર લાવવાની બાબત જ પ્રાયોરિટીમાં હોવી જોઈએ એમ નથી લાગતું ?

કોઈને દિલ દેશીને પગ પરદેશી હોય !

આરપાર

રાઘવજી માધડ

નજર એક થતાં જ યુવતીએ સહેજ શરમાઈને પૂછ્યું :'સર ! મને પહેલીવાર જોઈ હોય એવી રીતે કેમ જુઓ છો !?' જવાબમાં સહજ હસીને કહ્યું:'તને નહી,તારા ડ્રેસને જોઉં છું !' ત્યાં યુવતીએ ટીખળના ટોનમાં જવાબ આપ્યો: 'પણ ડ્રેસમાં હું છું ને!?'યુવતીએ નીચે જીન્સને ઉપર ખાદીનું ટોપ પહેર્યું હતું.તે જોઈ કહેવાય ગયું :'દિલ છે ને પગ પરદેશી !'તે હસવાં લાગી હતી.પછી કહે:'દેશ ને પરદેશ બંને સચવાય ગયા,સર !'

દરેક વ્યક્તિ કપડાં પહેરવાં અંગે સ્વતંત્ર છે.તેમાં ડખલ કરવાનો કોઈને અધિકાર નથી.પણ ડ્રેસ, કપડાં સમાજમાં ધમાલ ને કમાલ સર્જે છે તે હકીકત છે.આ યુવતીએ, તેમને જીવનસાથી તરીકે પસંદ કરવા આવેલા યુવકને સાવ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું:'હું ટી-જીન્સ, બર્મુડા...ફાવે તે પહેરું. તમારા મને રોકાશે, ટોકાશે નહીં !'સંસારની ગાડી ચાલ્યા પહેલા જ સ્થગિત થઈ ગઈ હતી.પણ આજકાલ ડિવોર્સનું પ્રમાણ વધ્યું છે તેમાં એક, ટૂંકાને તોછડા કપડા પહેરવાનો હિસ્સો જરાપણ ઓછો ગણી શકાય એવું નથી.પુરુષો પૂરતું શરીર ઢંકાઈ રહે તેવાં કપડાં પહેરે છે ને અમુક સ્ત્રીઓ કપડાં નામે કંજુસાઈ કરે છે !

મૂળ વાતતો ખાદીના વસ્ત્રોની છે.આ ઓક્ટોબર માસ એટલે,ગાંધી જયંતી નિમિતે ખાદીના વસ્ત્રોમાં વિશેષ વળતર, ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.જો કે દિવાળી નજીક આવતી જશે તેમ વિવિધ વસ્તુ-સામગ્રી ના સેલ શરુ થશે,ઊંચા ડિસ્કાઉન્ટ સાથે...ગ્રાહકને આકર્ષવાનો આ કામણગારો કીમિયો છે ! પણ ખાદીહાટની વાત જુદી છે.ખાદી એ માત્ર વસ્ત્રો નથી પણ એક વિચારધારા છે.જે દરેક ભારતીયે અપનાવવા યોગ્ય છે.

ગાંધીજીએ સ્વરાજ પ્રાપ્તિની ઘોષણા સાથે સ્વરોજગારી માટે આ ખાદીની પ્રવૃત્તિ વહેતી મૂકી હતી. જેનાથી અનેક લોકોને રોજી-રોટી પ્રાપ્ત થઈ હતી.આજે પણ ઘણાં પરિવારનો નિર્વાહ થાય છે.પણ માત્ર ખાદીકામથી,આ કાળઝાળ મોંઘવારીમાં ઘરના બે છેડા ભેગાં કરવાં મુશ્કેલ બને છે.તેનું કારણ ખાદીની ખરીદી પ્રમાણમાં બહુ ઓછી છે. જે થાય છે તે વળતરના માસમાં થાય છે.

જીવનભર ખાદીના વસ્ત્રો પહેરનાર ગાંધીજીને જયારે ટૂંકા પનાની પોતડી પહેરવી ફાવતી નહોતી ત્યારે, આશ્રમમાં રહેતાં લાઠી ગામના વણકર રામજીભાઈ બઢીયા અને પત્ની ગંગાબહેને જયારે ડબ્બલ પનાની ખાદી વણી આપી હતી ત્યારે ગાંધીજી બોલ્યા હતાઃ 'તમે આજે મારું દરિદ્રપણું ફિટાડયું !'(ગાંધીજીએ પોતાની આત્મકથાના પાંચમાં ભાગમાં આ અંગેનો ઉલ્લેખ કર્યો છે.)આપણે કોઈનું દરિદ્રપણું મિટાવી ન શકીએ.પણ ઈચ્છીએ,દેશમાં કોઈ દરિદ્ર ન હોય.હાથ હોય તેને કામ મળે અને દાંત હોય તેને ખાવા અન્ન મળે ! ખાદી ખરીદી થકી આપણે પણ સહભાગી થઈ શકીએ.વેદ કરતા કોઈની વેદના વાંચવી જરૂરી હોય છે.એક સમયે રાજકીય લોકો ખાદીના વસ્ત્રો પહેરતા...ને કોઈ કટાક્ષમાં કહેતાઃ ખાદી એટલે...'ખા તારા દિ' છે !'પણ આ સર્વથા સાચું નથી.આજે કોઈ રાજનેતા સામૂહિકપણે ખાદી-ખરીદી કરે છે ત્યારે અઢળક માન ઉપજે છે.વંદન કરવાનું મન થાય છે.કારણ કે તેઓ સમાજમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.આપણી પાસે પણ એકાદ જોડ ખાદીના કપડા હોય તો ખોટું નથી. જીવનમાં ઘણું ટાળવાનું ને ઘણું માણવાનું હોય છે !

સારો ને સ્વચ્છ પોશાક વ્યક્તિત્વના નિખાર માટે ઈચ્છનીય છે. આજે ખાદીના વસ્ત્રોમાં રંગબેરંગી વિવિધતા,વેરાયટી જોવા મળે છે.અબાલવૃદ્ધ સૌને શોભે,પરવડે એવાં વસ્ત્રો ઉપલબ્ધ છે. ખરીદીમાં કરકસર કરીએ પણ ક્યાંય બાંધછોડ કરવાની પણ એક મઝા હોય છે.જે મઝા ખાદી-ખરીદીમાં અચૂક લઈ શકીએ !

છેલ્લે :

કોઈના આંસુને રૂમાલ વડે લૂછવું અને આંસુ કેમ આવ્યું તે પૂછવું...બંને વચ્ચે મોટો તફાવત હોય છે.

કોરોના નવરાત્રી : ભય અને ભક્તિનું પાવન પર્વ

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

વિશ્વના તમામ દેશોના તહેવારોને કોરોનાએ અસર કરી છે. અનેક દેશોની સંસ્કૃતિના પર્વો આજે ઉજવાતા નથી. કારણ કોરોનાનું વકરેલું સંક્રમણ. કોરોનાએ માણસ માણસ વચ્ચે એક ભયની દિવાલ ઊભી કરી છે. અને હવે શક્ય છે કે આ ભય કાયમ રહેશે. પરંતુ તહેવારોને કારણે દુનિયાની બધી જ સંસ્કૃતિના લોકો પોતપોતાના સમાજના લોકોના સંપર્કમાં આવીને સંબંધને અને સ્નેહનું પ્રાગટ્ય કરે છે. પરંતુ આ વર્ષે આ સ્નેહ, ભક્તિ, શક્તિ અને શ્રદ્ધાના પર્વો સરખી રીતે નહી ઉજવી શકાય. એનો રંજ સદાય સૌને રહેશે.

નવરાત્રી એટલે ગુજરાતી સંસ્કાર અને સંસ્કૃતિની ઓળખ, ભારતીય પરંપરામાં પ્રગટતું પાવન પર્વ, ધર્મ, શ્રદ્ધા, શક્તિ, ભક્તિ અને ઉપાસનાની આરાધના. વૈદિક, આધ્યાત્મિક, ધાર્મિક અને આધુનિકતાનો સંગમ. નવરાત્રી એટલે ઉત્સાહ, ઊર્જા, ચેતના, સપના, સૌન્દર્ય અને આરતીનો મહોત્સવ. નવરાત્રી એટલે ગુજરાતી કલા, સંગીત, સાહિત્ય, અને આંતરિક આરાધનાની વૈશ્વિક ઓળખ.

નવરાત્રીનું અનેક રીતે આપણા જીવનમાં મહત્વ છે. અસત્ય સામે સત્યનો વિજય, નકારાત્મકતા સામે સકારાત્મકતાની જીત. રામ – રાવણનું નવ દિવસ ચાલેલું ધમાસાણ યુદ્ધ, વેદ, વિજ્ઞાન અને વાસનાની પ્રતિમૂર્તિ સમાન વિરાટ વ્યક્તિત્વ રાવણનો અંત, અહંકાર અને ઈચ્છાઓનો મોટો પહાડ, આમ છતાંય સત્યના હાથે પરાજય. અને એ પણ એક નારીને કારણે. નારી શક્તિને એણે પડકારી જેનું પરિણામ આવ્યું વિનાશ.

આ નવરાત્રીનું વૈજ્ઞાનિક રીતે પણ મહત્વ છે. આ આસો મહીનો એટલે પરિવર્તનનો મહિનો. અને થોડો ભારે પણ છે. બ્રહ્માંડના કેટલાક ગ્રહોમાં સૂર્ય, ચન્દ્ર, પ્રુથ્વીની ભ્રમણકક્ષામાં સૂક્ષ્મ રીતે ફેરફારો થાય છે. અને આ ગતિ પરિવર્તન આપણા મન સાથે જોડાયેલ છે. આ સમય ભારે હોવાથી તપ, ભક્તિ, આરાધના, સાધના, પૂજા વગેરે થાય છે. ઉપવાસ અનુષ્ઠાન વગેરે થાય છે. અને આ બધી સકારાત્મક ઊર્જાથી પૃથ્વી ઉપર આવનાર સંકટ આપોઆપ ટળી જાય છે. જે મનમાં ઉદ્વેગ, આવેશ, અહંકાર, અવરોધ કે આતંક જેવા દૂર્ભાવો ભરેલા છે તે સઘળું આ નવ દિવસ અનુષ્ઠાન કે આરાધના કરવાથી નાશ પામે છે. અને મનને નવી ઊર્જા, નવા વિચાર, નવી સફળતા મળે છે. આવી એક ધાર્મિક અને વૈજ્ઞાનિક માન્યતા પણ સિદ્ધ થયેલી છે.

આ નવરાત્રી આમ જોઇએ તો નારીપર્વ છે. જેને દેશભરમાં વિવિધ રીતે ઉજવવામાં આવે છે. બંગાળ અને પૂર્વોત્તરના રાજ્યોમાં દશેરાએ થતી દૂર્ગાપૂજા ત્યાનો ખુબ જ મોટો ઉત્સવ છે. શાસ્ત્રોમાં વર્ણિત ૫૧ શક્તિપીઠોમાં આ નવરાત્રી દરમિયાન ખુબ ધામધૂમથી ભક્તિ, પૂજા, આરાધના, સાધના અને અનુષ્ઠાન ઉજવવામાં આવે છે. મા પાર્વતીના શરીરના ૫૧ ટૂકડાઓમાંથી ઉદભવેલ ૫૧ શક્તિપીઠોની શ્રદ્ધા ભક્તિ અને ઉપાસનાથી ઊર્જિત થતી નારીશક્તિની ચેતનાથી સમગ્ર સંસાર ઉજ્જવળ બને છે.

ગુજરાતી સંસ્કૃતિમાં આ ઉત્સવ ગરબા અને - દાંડિયાનો મહાકૂંભ, પવિત્રતાનું પ્રાગટ્ય, મા શક્તિ, મા દૂર્ગાનું ચાચરના ચોકમાં થતું સ્થાપન, અને રાતભર મંડપ નીચે ગવાતા ગરબા આખા શહેરને નકારાત્મક ઊર્જાથી મૂક્ત કરે છે. ગરબે રમતા પ્રત્યેક સ્ત્રી - પુરુષના મનને એક પ્રકારની નવી ઊર્જા મળે છે. જીવનના સઘળા દુઃખ, દર્દ, સમસ્યાઓ, પ્રશ્નોથી ચિંતામૂક્ત થાય છે. આ નવ દિવસ પ્રત્યેક ઘરમાં સ્ત્રીઓ પૂજા ઉપાસના, ઉપવાસ, અનુષ્ઠાન કે ભક્તિ કરીને પરિવારનું કલ્યાણ ઈચ્છે છે.

પરંતુ હવે આ ૨૧મી સદી છે. આ નવરાત્રીનું સ્વરૂપ અને શૈલી બદલાયા છે. એમાં ભક્તિ અને આધ્યાત્મિકતાની સાથે ભોજન અને આધૂનિકતા ભળ્યા છે. કેટલીક જગ્યાએ પરંપરિત રીતે યોજાતી ગરબીઓને બાદ કરતા આજે નવરાત્રી ફેશનનો મેળો બની ગઈ છે. આધુનિકતાના રંગોએ આપણી ભક્તિ અને શ્રદ્ધાના રંગોને થોડા ઝાંખા પાડી દીધા છે. ફેસબૂક અને વોટ્સપ જેવા માધ્યમોએ આ આખી પરંપરાને ડહોળી નાખી છે. આજની ભક્તિમાં ભૌતિકતા ભળી છે. શ્રદ્ધામાં સ્વાર્થ ભળ્યો છે. પવિત્ર પર્વમાં અંગ પ્રદર્શનનું મહત્વ વધ્યું છે. આજે નવરાત્રીને મોજ, મસ્તી, મજા, મનોરંજન અને મેળાનો તહેવાર માનવામાં આવે છે. ભક્તિ અને શક્તિની શ્રદ્ધા માત્ર સોશીયલ મિડીયા ઉપર જ જોવા મળે છે. પરંપરિત પવિત્ર માનો ચાચરચોક આજે કલબોમાં, પાર્ટી પ્લોટોમાં અને વિશાળ હૉલમાં પરિવર્તિત થઈ ગયો છે. ઘણી જગ્યાએ તો ગરબી જ નથી હોતી, તો ક્યાંક માતાજીનો નાનો એવો ફોટો કે ક્યાંક અખંડ દીવો પણ જોવા નથી મળતો. તો વળી ઘણી જગ્યાએ ગાવા ખાતર પાંચ ગરબા ગાઈને માતાજીની આરતી કરીને પ્રસાદ વહેંચીને માતાજીને સુવડાવી દેવાય છે અને પછી શરું થાય છે. ડિસ્કો, ડી. જે. ડાન્સ – ગરબા, અભદ્ર ગરબાઓનું અને દેહનું પ્રદર્શન, આખી આખી રાત પોતાના દેહનું પ્રદર્શન કરતી યુવા પેઢી આપણી સંસ્કૃતિનું વસ્ત્રાહરણ કરતી જોવા મળે છે. ગરબાને નામે ગવાતા આધુનિક દ્વી અર્થી ગીતો વગાડીને આખા સમૂહને ઉશ્કેરવામાં આવે છે. વિચિત્ર પ્રકારના નૃત્યની સૂરાવલિઓમાં આજનું યૌવન અતિઉત્સાહિત થઈને સાનભાન ગૂમાવે છે અને આમ પછી અનેક પ્રકારની દૂર્ઘટનાઓ ઘટે છે, યુવતિઓ સાથે દૂર્વ્યવહાર થાય છે. આ આખી ધાર્મિક પરંપરાને આજે વ્યાવસાયિક રૂપ આપી દેવામાં આવ્યું છે.

આમ છતાંય આ નવરાત્રી નારીશક્તિનું પવિત્ર પાવન પર્વ છે જે નારી આપણા ઘરમાં માતારૂપે, બહેન, પત્ની કે દીકરી રૂપે રહે છે જેના દ્વારા પુરુષનું પૌરુષત્વ પોષાય છે. જે નારી આખા ઘરની, પરિવારની, પેઢીની કે પુરુષની પ્રતિષ્ઠાને ગૌરવ બક્ષે છે, પરિવારના પુરુષોને પોષે છે એ નારીત્વ નવ દિવસમાં પોતાની અંદરની ઊર્મિઓને માના ચરણોમાં ભક્તિરૂપે કે શ્રદ્ધારૂપે વહાવે છે. જેને આપણે સૌએ સન્માન આપવું જોઈએ. આ દિવસોમાં દરેક નારી એક શક્તિનું સ્વરૂપ હોય છે. એના નારીત્વની એક ગરિમા હોય છે. કેમ કે ચાચર ચોકમાં મા દૂર્ગા – શક્તિનું નારીરૂપ સ્થાપિત હોય છે અને ગરબે પણ નારી ઘૂમે છે જેમાં મા દૂર્ગા – શક્તિનો વાસ હોય છે. ગરબા પણ નારી કંઠે ગવાય છે. આ એક જ પર્વ એવું છે કે જ્યા નારી ગરિમા અને તેજસ્વીતા સામે પુરુષ વામણો પુરવાર થાય છે. નવરાત્રીમાં નારીના નવ રૂપ જોવા મળે છે. એમાં નારી સૌન્દર્યની તેજ ધારામાં વહેતો લય એને કામરૂપા બનાવે છે. મંદિરના ગોખમાં પ્રગટતા દીવાની જ્યોત જેવી ઝળહળતી, માથે દીવડો લઈને ગરબે ઘૂમતી નવયૌવનાની ઊર્જા આખા ચાચર ચોકને પવિત્ર બનાવે છે.

માથે ગરબા મૂકીને ગાવાની પરંપરા હવે વિસરાતી જાય છે. ક્યાંક માત્ર સ્પર્ધાઓમાં કે કાર્યક્રમોમાં જોવા મળે છે. અરે હવે તો ગરબા જ વિલીન થઈ રહ્યા છે. ધીમે ધીમે દાંડિયા પણ વિલીન થઈ રહ્યા છે. બસ માત્ર હાથ, કમર, પગ અને ફિલ્મી ઢબે શરીરના અંગવળાંકોથી સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કરવાની કળાનો વિકાસ આ નવરાત્રીને શૃંગારમય બનાવે એ પહેલા આપણે સૌ એ જાગવાની જરૂર છે. નહિતર મસ્તીના નામે આપણા ઘર સુધી મુશ્કેલીઓ આવતા વાર નહીં લાગે.

ગુજરાતની ધીંગી ધરા ઉપર ઉજવાતી નવરાત્રી ઉમંગ, ઉત્સાહ, આનંદનો મહોત્સવ છે. તહેવાર છે. સૂર, તાલ, લય અને સંગીતના સંગમ સમો આ તહેવાર છે. કેટલાય યુવા હૈયાઓમાં પ્રણયના પુષ્પો ખિલવતો આ મહોત્સવ ગુજરાતી સંસ્કૃતિને વિશ્વ સામે રજુ કરે છે. માટે આજની યુવાપેઢીએ. કલબોએ, પાર્ટીઓએ, મંડળોએ અને આપણે સૌએ આ નવરાત્રીના ઉત્સવને આ વખતે ઘરમાં કે પોતાની સોસાયટીમાં ગુજરાતી સંસ્કૃતિનું ગૌરવ વધે અને સામાજિક અંતર જળવાય એ રીતે એની ઉજવણી કરવી જોઇએ.

આ વખતે આ નવરાત્રીમાં દેહ, ધન, વૈભવ કે કલાશક્તિનું પ્રદર્શન નહી પણ ભક્તિ, આસ્થા, અને શ્રદ્ધાનું દર્શન કરવા મળશે. આ બધી બાબતો ધ્યાનમાં રાખીને નવરાત્રી ઉજવીશું તો આપણી ધરતીની, સંસ્કારની, પ્રેમની, ધર્મની સંસ્કૃતિનો સૂર્ય વિશ્વભરમાં ક્યારેય આથમશે નહીં.

9426060601.india@gmail.com

'યાદેં યાદ આતી હૈ...'

રઝળપાટ

અજય ઉપાધ્યાય

''થમ કે રહ જાતી હૈ જિંદગી, જબ જમ કે બરસતી હૈ પુરાની યાદે..''એક જેટલી યાદોનું બવંડર દિમાગમાં તોફાન મચાવે ને ત્યારે ના જાણે ક્યાં ક્યાંથી અને કેટકેટલા સમય જૂની યાદોનું આક્રમણ શરૂ થઈ જાય. દિમાગ અને ઓફકોર્સ દિલ પણ યાદોના ઝરૂખે એકમાંથી બીજી યાદોના હીચકે નોનસ્ટૉપ ઝૂલ્યા જ કરે ઝૂલ્યા જ કરે.... અને એ પણ ખૂલી આંખે..! ખૂલી આંખે સપના જેવુ ટાઈટલ જરા ફેરવીને આપી દો તો કહેવાય કે 'ખુલ્લી આંખે યાદે '..! યાદો... યાદે...નું આપણાં જીવનમાં કેટલું અગત્યનું સ્થાન છે એની ખબર તો ત્યારે પડે જ્યારે દિલની બાંસૂરીમાં યાદોની સરગમ વાગવાનુ શરૂ થાય. વેઈટ વેઈટ એવું જરૂરી નથી કે આ હરેક સરગમ ખુશીની જ હોય, બની શકે કે કોઈ સરગમ ગમની પણ હોય કેમકે યાદો તો ખાલી સુખની થોડી હોય? એ તો દુખની પણ હોવાની....ગમની પણ હોવાની..! યાદો એટ્લે જ તો સુખદુખનું પરફેક્ટ મિશ્રણ છે...એક એવું કોકટેલ જે ક્યારેક મીઠું પણ છે અને ક્યારેક કડવું પણ...!

''યાદે મોઠાઈ કે ડિબ્બે કી તરહ હોતી હૈ... એક બાર ખુલા તો સીર્ફ એક ટુકડા નહીં ખા પાઓગે ફિલ્મ 'યે જવાની હૈ દિવાની' માં રણબીરકપૂરે ચીપકાવેલો આ ડાયલોગ યાદોની બરાબરની વ્યાખ્યા કરી જાય છે. બાત ભી સહી હૈ ના બીડું...! એકવાર યાદોનો પિટારો ખૂલ્યો કે ખલ્લાસ સંક્રાંતમાં પતંગને બરાબર ચગાવવા નીચે એક પછી એક પૂંછડા બાંધીએ બિલકુલ એમ જ દલડાને મોજ કરાવવા એક પછી એક યાદો નીકળ્યા જ કરે. ફિલ્મનો આ ડાયલોગ યાદોની અહેમિયત અને એની ખૂબસૂરતીને બરાબર ઉજાગર કરે છે.યાદોની મીઠાસ જ એવી હોય કે એમાં ડૂબીને તમે યાદોના મહાસાગરમાં તર્યા જ કરો. 'સોચતે હૈ તુમ્હે યાદ ના કરે, મગર આંખ બંધ કરતે હી ઈરાદા બદલ જાતા હ' ..યસ્સ યસ્સ યાદોનું એવું જ છે બકા.... ઘણી યાદો એવી હોય કે ઈચ્છા ના હોય કે આપણાં જહનમાં દસ્તક આપે, અગર મગર કિંતુ પરંતુ જીવનમાં અનુભવેલા એ સારા કે ખરાબ પ્રસંગ કે સમયની દિમાગ-દિલ પર છાપ જ એટલી જોરદાર રીતે અંકિત થયેલી હોય છે કે ના ચાહતે હુએ ભી સારી હોય કે ખરાબ પણ યાદે યાદ આ હી જાતી હૈ..!

અને યાદો પણ કેટલી બધી હોય શકે... યાદો પોતાનાની... યાદો સપનાઓની...યાદો પ્રેમની... યાદો સંઘર્ષની... યાદો ઇંતેજારની... યાદો મુલાકાતની અને યાદો કોઈ અધૂરી મુલાકાતની પણ....યાદો ખુશીની એ પળોની... યાદો દુખની એ ઘડીઓની... યાદો સાહસની... યાદો નફરતની.... યાદો.... યાદો... યાદો...કોઈના ગયાની યાદ... કોઈ ક્યાક હોવાની યાદ... કોઈ ના હોવાની યાદ..કશું મેળવ્યાની યાદ ને કશુક ગુમાવ્યાની યાદ...યાદો દોસ્તીની... બચપણની.. લિસ્ટ એંડલેસ છે કેમ ? કેમ કે જબ તક હમ હૈ...જબ તક જાન મે જાન હૈ...ત્યાં સુધી યાદો રહેવાની...! જેવા યાદોના શહેરમાં પગ મૂકો કે યાદો જો ખુશીની હશે તો અમસ્તા જ ચહેરા પર મુસકાન આવી જશે અને જો દુખની હશે તો માયુસી... પણ હા... એ માયુસીનો પિરિયડ વિત્યા પછીની યાદો પણ એ સમય પસાર કર્યાની ખુશીમાં ચહેરા પર મુસકાન તો લાવી જ દે. ભલે ને એ યાદો નરસી હોય તો પણ દીલને એક શુકુન તો આપે જ કે વાહ એ સમય પણ ગયો...! પણ આ યાદો ખાસ હોવાની... પ્રિય હોવાની.. વારેવારે યાદ કરવા ગમતી હોવાની કેમકે એ યાદો આપણને આપણાં વિતેલા સમયને યાદ કરાવે છે... એ સમયમાં ફરીથી જીવવા માટે લઈ જાય છે... કેવું હતું ? કેવું કર્યું ? કેવું થયું ? જેવા વીતી ગયેલા ટાઈમ સ્લોટને ફરી પ્રાઈમટાઈમમાં લાવી આપે છે...એટ્લે જ તો યાદે ખાલી યાદ નહી પણ લાઈફનું એક એવું રિવાઈન્ડ બટન છે કે જેનાથી લાઈફની એ ફિલ્મ કે જેમાં ભૂલો છે... ખુશી છે... ગમ છે... સંઘર્ષ છે... સફળતા છે... મહેનત છે જેવા જીવી ગયેલા દ્રશ્યો ફરી રિક્રિએટ થાય છે અને એટ્લે જ આપણને યાદો ગમે છે....યાદ કરવું ગમે છે....યાદ રાખવું ગમે છે...યાદોમાં રહેવું ગમે છે...યાદોને વાગોળવી ગમે છે !

યાદો એ અતીત અને વર્તમાન વચ્ચેનો એક એવો પુલ છે કે જેના પર ઊભા રહીને જિંદગીને ઓર બહેતર બનાવી શકાય છે. ગયેલા સમયમાં કરેલી ભૂલોની યાદગીરી વર્તમાનમાં એનાથી બચવા માટેનું હથિયાર છે - લાલબત્તી છે અને આમ પણ સમય કોઈના માટે ક્યાં રોકાય છે ? એટ્લે એ સમયને જો કોઈ રીતે બાંધવાનું કામ કરે છે તો એ છે યાદો...! યાદોના દોરડે વિતેલા સારા - નરસા સમયને તમે બાંધી શકો છો. બધી યાદો સરખી ના હોય...કોઈ યાદ સ્માઈલ લાવે તો કોઈ આંસુ પણ....કોઈ દિમાગને - દીલને ખુશ કરી મૂકે તો કોઈ ઉદાસ પણ...! અને આ યાદોના લેંડિંગનો કોઈ ચોક્કસ ટાઈમ થોડો હોય છે એ તો એનીટાઈમ આવે. ટોળામાં હોવ તોય આવે ને તનહાઈમાં પણ આવે... સુખમાં પણ આવે અને દુખમાં પણ. એવું પણ બને હમણાં સુધી ખુશખુશાલ કોઈના ચહેરા પર ગમ પણ છવાઈ જાય અને એનાથી ઊલટું પણ થાય. આપણે ઘણીવાર કહીએ કે સમયની સાથે સાથે બધુ ભુલાઈ જશે પણ ના એવું થતું નથી. યાદો ભૂલવી અઘરી છે અને ઓલમોસ્ટ ઈમ્પોસિબલ છે કેમકે આ એક એવી છાપ છે જે ભલે દિમાગમાં ક્યાક કોઈ ખૂણામાં સંઘરાઈ જાય પણ સમય આવ્યે બહાર આવે જ હા યે ભાગદૌડભરી જિંદગીમાં એવું બને કે એ વારંવાર ના આવે પણ ક્યાક ને ક્યાક એવા સંજોગો આવે કે જે એ યાદોના ભોરિંગને દિમાગના કરંડિયામાથી ફરી બહાર કાઢે જ.

'નગ્મે હૈ, શિકવે હૈ, કિસ્સે હૈ, બાતે હૈ.. બાતે ભૂલ જાતી હૈ.. યાદેં યાદ આતી હૈ...' ફિલ્મ યાદે માં હરિહરને ગાયેલું અને આનંદ બક્ષીએ લખેલું આ ગીત યાદો માટે એકદમ પરફેક્ટ છે. દુનિયામાં આપણે બધા યાદોના શિકાર છીએ... કુછ ખટ્ટી...કુછ મિઠ્ઠી પણ યાદે યાદ આવે જ છે...! પસાર થઈ ગયેલા સમયની એક એક પળ આપણી જાણ બહાર યાદોમાં ટ્રાન્સફર થતી રહેતી હોય છે અને એ યાદો જ્યારે એક્ટિવેટ થાય ત્યારે ખ્યાલ આવે કે જિંદગી તો કેટલી તેજ રફતારથી ભાગી રહી છે. યાદો જિંદગીનું એક એવું ફ્લેશબેક છે કે જેમાં જોઈને તમે તમારી જિંદગીને...ખુદને માપી શકો છો...મૂલવી શકો છો...મઠારી શકો છો. બાકી તો ''તેરી યાદો કો કૈસે બ્લોક કરું, દિલ મે ઐસા ઓપ્શન હી નહીં હૈ ' ની જેમ યાદોને બ્લોક કરવું આસન છે જ નહીં. એ તો આવવાની... સમય સમય પર... તમે ના ઈચ્છો તો પણ... તમને ગમે નહીં તો પણ... તમને ગમતી પણ અને ના ગમતી પણ...! વ્યક્તિ કે સમય સાથે હોય કે ના હોય પણ યાદો સદાય સાથે રહેવાની. હા એ હકીકત છે કે કદાચ બધુ યાદ ન રહેતું હોય તો પણ ચોક્કસ સંજોગો અને સમયે દિમાગના બેકઅપમાથી યાદોનું ફોલ્ડર તો ખૂલી જ જવાનું. 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા..'' ની જેમ યાદોને આવવા માટે તમારી પરમીશનની કોઈ જરૂર નથી એ તો આંખથી જોયેલા કે દિમાગથી એક્ટિવેટ થયેલા કોઈ જાણીતા સિગ્નલોને સહારે તમારા નેટવર્કમાં આવી જ જવાની. ' મને યાદ નથી ' કહેનારનું દિમાગ પણ યાદોની ગલીઓમાં શું યાદ નથી એ શોધવા તો નીકળી જ પડે અને યાદોનું લાંબુ લિસ્ટ એ યાદ પણ અપાવે કે ક્યાં ખોયા ક્યાં પાયા....? કે પછી કોણ રહ્યું ને કોઈ ગયું ? યાદ....એ જે કોઈને ભૂલવા નથી દેતી પછી ચાહે એ વ્યક્તિ હોય....પ્રસંગ હોય...સમય હોય કે સંજોગ હોય....યાદો બધા માટે છે પણ હા ' લૌટ કર યાદે આતી હૈ વક્ત નહી...''